RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 92 * Date: 21.01.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# શાહની ટિપ્પણીનો મામલો- રાહુલ સામે કેસ નહીં ચાલે:સુપ્રીમ કોર્ટનો સ્ટે



સુપ્રીમ કોર્ટે સોમવારે રાહુલ ગાંધી સામે ચાલી રહેલા માનહાનિના કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે ઝારખંડ સરકાર અને બીજેપી નેતાને નોટિસ પાઠવીને તેમનો જવાબ માંગ્યો છે.૨૦૧૯ના લોકસભા ચૂંટણી પહેલા ઝારખંડના ચાઈબાસામાં એક ભાષણ દરમિયાન ગાંધીએ શાહને ખૂની કહ્યા હતા. આ પછી બીજેપી કાર્યકર નવીન ઝાએ ૨૦૧૯માં અમિત શાહ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

સુનાવણી દરમિયાન રાહુલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે ઘણા ન્યાયિક નિર્ણયોમાં કહેવામાં આવ્યું છે કે માત્ર પીડિત વ્યક્તિ જ ફોજદારી માનહાનિની ??ફરિયાદ દાખલ કરી શકે છે. ત્રીજા પક્ષ વતી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. માનહાનિના કેસમાં આમ કરવું સ્વીકાર્ય નથી.

૨૦૧૮માં પણ ચાઈબાસામાં યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં રાહુલે કહ્યું હતું કે, 'ભાજપમાં કોઈપણ ખૂની રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે. તે સમયે શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા. રાહુલના આ નિવેદન બાદ ભાજપ યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ પ્રતાપ કટિયારે ચાઈબાસાની સીજેએમ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.ચાઈબાસામાં દાખલ કરાયેલા કેસને સુનાવણી માટે રાંચીની સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. બાદમાં ચાઈબાસામાં સાંસદ-ધારાસભ્ય કોર્ટ શરૂ થયા બાદ તેને ફરીથી ચાઈબાસામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. અહીં સુનાવણી દરમિયાન જસ્ટિસ ઋષિ કુમારે રાહુલ ગાંધીની અરજીને ફગાવી દીધી હતી અને હાજર રહેવાની નોટિસ આપી હતી.

## મહેલ જેવું ઘર, ગોલ્ફનો શોખ, ભારતમાં પણ રોકાણ: રૂ.૬૪ હજાર કરોડના માલિક છે ડોનાલ્ડ ટ્રમ્પ

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. બિઝનેસમેન ટ્રમ્પનો બિઝનેસ રિયલ એસ્ટેટથી માંડી મીડિયા ટેક્નોલોજી સુધી વિસ્તરેલો છે. હાલમાં જ ક્રિપ્ટો માર્કેટમાં ઝંપલાવતાં બે મીમ કોઈન પણ લોન્ચ કર્યા છે. ટ્રમ્પ પાસે અબજો ડોલરના મેન્શનના માલિક હોવાની સાથે અનેક ગોલ્ફ ક્લબ ધરાવે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬માં પ્રથમ વખત રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા તે સમયે તેમની પાસે ૪.૫ અબજ ડોલરની સંપત્તિ હતી. પરંતુ રાષ્ટ્રપતિ બન્યા બાદ સંપત્તિ ઘટી ૨૦૨૦માં ૨.૧ અબજ ડોલર થઈ હતી. જો કે, રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થતાં ફરી એકવાર ટ્રમ્પની સંપત્તિ વધી હતી. જે ૨૦૨૨માં ૩ અબજ ડોલર અને ૨૦૨૪માં ૭ અબજ ડોલર થઈ હતી. બ્લૂમબર્ગ બિલેનિયર્સ ઈન્ડેક્સ અનુસાર, નવેમ્બર, ૨૦૨૪માં ટ્રમ્પ પાસે ૭.૭ અબજ ડોલર (અંદાજે રૂ. ૬૪૮૫૫ કરોડ)ની નેટવર્થ હતી.ટ્રમ્પની કુલ નેટવર્થમાં સૌથી મોટો હિસ્સો ટ્રમ્પ મીડિયા એન્ડ ટેક્નોલોજી ગ્રૂપનો છે. અનેક ગોલ્ફ ક્લબ, રિસોર્ટ્સ અને બંગલો પણ છે. ટ્રમ્પને રિયલ એસ્ટેટનો બિઝનેસ વારસામાં મળ્યો હતો. તેમના પિતા ન્યૂયોર્કના સૌથી સફળ રિયલ એસ્ટેટ ટાયકૂન પૈકી એક હતા. ટ્રમ્પે ૧૯૭૧માં પોતાના પિતાનો બિઝનેસ સંભાળ્યો હતો. બાદમાં તેનું વિસ્તરણ કર્યું હતું. જેમાં તેમણે ટ્રમ્પ પેલેસ, ટ્રમ્પ વર્લ્ડ ટાવર, ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટલ એન્ડ રિસોર્ટ સહિત અનેક લકઝરી બિલ્ડિંગ બનાવી હતી.ડોનાલ્ડ ટ્રમ્પના ભારતમાં પણ અનેક પ્રોજેક્ટ છે.

## ટ્રમ્પની શપથવિધિ અગાઉ અમેરિકામાં કુદરતનો કેર, લોકોને ઘરોમાં જ રહેવા અપીલ

૨૦મી જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તાવાર રીતે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બનશે અને શપથવિધિ કરશે. અમેરિકાના સમય અનુસાર બપોરે ૧૨ વાગ્યે તેઓ શપથ લેશે. જોકે શપથવિધિ અગાઉ અમેરિકામાં કુદરતનો કેર જોવા મળી રહ્યો છે. જેના કારણે ટ્રમ્પે સમર્થકોને રસ્તા પર ઉજવણી ન કરવા અપીલ પણ કરી છે. કડકડતી ઠંડીના કારણે ૪૦ વર્ષ બાદ અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની શપથવિધિ ખુલ્લા આકાશ નીચે નહીં પણ રોટુંડા હૉલમાં યોજાશે. અગાઉ ૧૯૮૫માં પણ ઈનડોર શપથવિધિ યોજાઇ હતી.અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પની જીત બાદથી જ દુનિયાભરના દેશોના રાજકારણ પર તેજીથી ફેરબદલ થઈ રહ્યા છે. એવામાં ટ્રમ્પે કહ્યું છે કે ખુરશી સંભાળતા જ તેઓ ૧૦૦ મહત્વપૂર્ણ ફાઈલો પર સહી કરશે.

અમેરિકામાં શપથવિધિના કાર્યક્રમની શરૂઆત સવારથી જ શરૂ થઈ જશે. સૌથી પહેલા ચર્ચમાં પ્રાર્થના સભા યોજાશે. પછી ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા તથા બાઈડેન અને તેમના પત્ની જિલ બાઈડેન વ્હાઈટ હાઉસમાં ચા પીશે. બાદમાં બંનેનો કાફલો કેપિટલ હિલ બિલ્ડિંગ પહોંચશે. સંગીત કાર્યક્રમ યોજાશે. પછી રાષ્ટ્રપમુખ અને ઉપરાષ્ટ્રપ્રમુખની શપથવિધિ યોજાશે. શપથવિધિ બાદ ડોનાલ્ડ ટ્રમ્પ સભાને સંબોધિત કરશે. જો બાઈડેન અને કમલા હેરિસને સન્માન સાથે વિદાઇ આપવામાં આવશે. જે પછી ટ્રમ્પ અને જેડી વાન્સ પરેડમાં સૈનિકોની સલામી લેશે.

## ટ્રમ્પની શપથવિધિ પહેલાં અમેરિકામાં ગોળીબાર, વોશિંગ્ટનમાં નોકરી શોધતાં ભારતીય યુવકનું મોત



. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લેવાની તૈયારીમાં છે ત્યારે ગોળીબારની ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે. વોશિંગ્ટનમાં હૈદરાબાદના એક યુવકનું આ ગોળીબારમાં મોત નીપજ્યું છે.સ્થાનિક પોલીસે હુમલા પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. તેમજ હુમલાખોરની ઓળખ કરવાનો પ્રયાસ પણ કરી રહી છે. માહિતી અનુસાર મૃતક વ્યક્તિની ઓળખ રવિ તેજ તરીકે થઈ છે જે હૈદરાબાદનો રહેવાસી છે. તેનો પરિવાર હૈદરબાદના આર.કે.પુરમમાં રહે છે. રવિ ૨૦૨૨માં માર્ચ મહિનામાં અમેરિકા ગયો હતો અને માસ્ટર્સનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી શોધી રહ્યો હતો. ઘટનાની જાણકારી મળતાં જ તેનો પરિવાર આઘાતમાં સરી ગયો હતો.તેલંગાણાના બીજા વિદ્યાર્થીએ અમેરિકામાં પોતાનો જીવ ગુમાવ્યો છે. અગાઉ નવેમ્બરમાં તેલંગાણાના ખમ્માન જિલ્લાનો રહેવાસી સાંઈ તેજા નુકરપાની શિકાગોમાં ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. અમેરિકામાં અવારનવાર ભારતીયો સતત વધી રહેલા ગન કલ્ચર અને રંગભેદનો ભોગ બની રહ્યા છે.

## દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ તૈયાર, ચીનની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવામાં મળશે મદદ

દેશનું પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ ફરી એકવાર પરિવહન માટે તૈયાર થઈ ચૂક્યો છે. ભારતના પવિત્ર તીર્થ સ્થળ રામેશ્વરમને ટ્રેન મારફત જોડતો પંબન બ્રિજનું રિકંસ્ટ્રક્શન પૂર્ણ થયુ છે. આ સાથે ભારત ચીનની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકશે. શ્રીલંકાના હંબનટોટામાં ચીન અમુક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યુ છે. જેથી પંબન બ્રિજ તૈયાર થઈ જતાં હવે હંબનટોટા પર ચીનની ગતિવિધિઓ પર નજર રાખી શકાશે.બ્રિટિશ કાર્યકાળ દરમિયાન ૧૯૧૪માં પંબન



બ્રિજનું નિર્માણ થયું હતું. પરંતુ તેના અમુક ભાગ જર્જરિત થતાં અને ખામી સર્જાતા ૨૦૨૨માં આ ટ્રેન બ્રિજને બંધ સમારકામ અર્થે બંધ કરવામાં આવ્યો હતો. હવે તેનુ સંપૂર્ણ સમારકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. જેથી ફરી એકવાર રામેશ્વરમ જતાં શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ ટ્રેન મારફત મુસાફરી કરી શકશે. નવો તૈયાર બ્રિજ આગામી ૧૦૦ વર્ષ સુધી સુરક્ષિત રહેશે.ડિસેમ્બર, ૨૦૨૨થી જૂના પંબન બ્રિજ પર સંપૂર્ણ અવરજવર બંધ કરાતા રામેશ્વરમ જતી ટ્રેનો અટકાવાઈ હતી. રામેશ્વરમ અને ધનુષકોડી જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે રોજની ૨૦ ટ્રેનો સંચાલિત હતી. રોજના ૯૦૦૦થી વધુ મુલાકાતીઓ ટ્રેન મારફત મુલાકાત લેતાંહતાં. ૧૯૮૮ સુધી મંડપમ અને રામેશ્વરમ વચ્ચેનું એકમાત્ર ટ્રેન કનેક્શન પંબન બ્રિજ હતું. બાદમાં અન્નાઈ ઈન્દિરા ગાંધી રોડ બ્રિજ નામનો રોડ બ્રિજ પુલ નજીક બનાવવામાં આવ્યો હતો. મંડપમ રામેશ્વરમથી ૨૦ કિમી દૂર છે. તદુપરાંત રામેશ્વરમમાં અત્યંત પૂરઝડપે વહેતી હવાઓનું આંકલન કરતું સિગ્નલ પણ મુકવામાં આવ્યું છે. વિન્ડ સ્પીડ સિગ્નલ ૫૦ કિમીથી વધુ સ્પીડે ચાલતી હવા અંગે માહિતી આપશે, જેથી તુરંત જ ટ્રેન અટકી જશે. આ બ્રિજની લંબાઈ ૨.૨ કિમી છે. જે સમૃદ્ધ તટથી ૨૨ મીટરની ઊંચાઈએ સ્થિત છે.

## તંત્રી લેખ...

# શેરબજાર ટ્રેડિંગમાં અમદાવાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે, ગુજરાતમાં દરરોજનું ૨૦૦૦૦ કરોડનું ટર્નઓવર

વ્યાપક તેજી, નવા રોકાણકાર માટે નોંધણીની પ્રક્રિયા ઝડપી (ઈ કેવાયસી) અને ઈન્ટરનેટ અને મોબાઈલ એપ ટ્રેડિંગની સરળતાના કારણે દેશભરમાં વધુને વધુ નવા રોકાણકારો શેરબજાર તરફ આકર્ષાયા છે. શેરબજારના કેશ સેગમેન્ટમાં દૈનિક ટર્નઓવર ૫૩ ટકા વધ્યું છે. પરંતુ આઈપીઓ રોકાણમાં મહારાષ્ટ્રને હડસેલી ગુજરાત હવે નંબર એક થયું છે તેમ કેશ ટ્રેડિંગમાં પણ ગુજરાત હવે દેશમાં બીજા સ્થાને આવ્યું છે. ગુજરાતમાં ઓક્ટોબરમાં દૈનિક સરેરાશ ટર્નઓવર ૨૦,૧૩૭ કરોડ રૂપિયા નોંધાયું છે જે વર્ષ ૨૦૨૧માં ૪૪૭૫ કરોડ રૂપિયા હતું. ગુજરાતમાં ટર્નઓવરમાં ૩.૫ ગણો વધારો જોવા મળ્યો છે.

કેશ સેગમેન્ટમાં સૌથી વધુ ટ્રેડિંગ ધરાવતા શહેરોમાં મુંબઈ પ્રથમ ક્રમે છે. દેશની આર્થિક રાજધાની, મોટા બ્રોકર્સ, ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર, મ્યુચ્યુઅલ ફંડની કચેરીઓ અહી હોવાથી સ્વાભાવિક મુંબઈ સૌથી આગળ છે. પરંતુ બીજા ક્રમે રિટેલ રોકાણકારોના સહારે અમદાવાદ આવે છે. ઓક્ટોબર ૨૦૨૧માં અમદાવાદમાં દૈનિક સરેરાશ ટર્નઓવર ૩,૬૫૫ કરોડ રૂપિયા હતું જે ઓક્ટોબર ૨૦૨૪માં ૪.૩ ગણું વધી ૧૯,૪૦૮ કરોડ રૂપિયા થયું છે. જો કે, અમદાવાદના ટર્નઓવરની વૃદ્ધિ સામે રાજકોટ અને વડોદરામાં ઘટાડો જોવા મળ્યો છે. રાજકોટમાં દૈનિક ૬૧૨ કરોડ રૂપિયા અને વડોદરાથી દૈનિક ૧૧૭ કરોડ રૂપિયાનો શેરબજારનો કારોબાર જોવા મળે છે. બીએસઈ અને એનએસઈ ઉપર થતા કુલ સોદામાં ગુજરાતનો હિસ્સો લગભગ ૨૦ ટકા જેટલો થઈ ગયો છે એટલે કે કુલ પાંચ ટ્રેડમાંથી એક ગુજરાતમાંથી થાય છે એમ કહી શકાય.

# સખી” વન સ્ટોપ સેન્ટર ગાંધીનગરના ૪-વર્ષ પુર્ણ




ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર યોજના સમગ્ર દેશમાં કાર્યરત છે. જે અન્વયે તા ૦૧/૦૧/૨૦૨૦ ના રોજ ગાંધીનગર ખાતે સખી વન સ્ટોપ સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી.

સખી વન સ્ટોપ સેન્ટરના નવા બિલ્ડીંગનુ લોકાર્પણ શ્રી અમિતભાઈ શાહ સાંસદ ગાંધીનગર લોકસભા અને કેન્દ્રીય ગૃહ મંત્રી તેમજ સહકાર મંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

મિશન શક્તિ અનુસાર મહિલા બાળ વિકાસ મંત્રાલય સખી વન સ્ટોપ સેન્ટર સરકાર દ્વારા આ યોજના ૧એપ્રિલ ૨૦૧૫ થી સમગ્ર દેશમાં હિંસાથી પ્રભાવિત મહિલાઓ, જે ખાનગી અને જાહેર જગ્યાએ તકલીફમાં છે, તેવી કિશોરી અને મહિલાઓને એક છત નીચે સંકલિત સહાય પુરી પાડવામાં આવે છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં શારીરિક માનસિક, જાતીય, આર્થિક, ભાવાત્મક, ઘરેલુહિંસા, જાતિય સતામણી, ડાકણપ્રથા તેમજ કિશોરીઓ અને મહિલાઓનો અનૈતિકદેહ વ્યાપાર અને અન્ય હિંસાગ્રસ્ત મહિલાઓને આશ્રય આપવામાં આવે છે. તેમજ તેઓ પોતાના પરિવારમાં સુખમય તેમજ તંદુરસ્ત જીવન જીવી શકે તે માટે તેમનું સતત કાઉન્સેલિંગ કરી પરિવારમાં સમાધાન કરવામાં આવે છે. ઉપરાંત બિનવારસી માનસિક બિમાર મહિલાઓ હોય છે, તેમની સાથે વિશ્વાસ સંપાદન કરી ત તેમની તબીબી સારવાર કરાવી અને તેમનું સતત કાઉન્સેલિંગ દ્વારા રહેઠાણ શોધીને તેમના પરિવાર સાથે સુખદ મિલન અને પુનઃસ્થાપન કરાવવામાં આવે છે.

સખી વન સ્ટોપ સેન્ટરમાં ચાર વર્ષમાં કુલ - ૭૧૭ કેસ નોંધાયા છે.જેમાં ઘરેલુહિંસાના કુલ કેસ ૪૯૮ છે,મિસિંગ કેસ ૮૯ છે. અને અન્ય કેસ ૧૩૦ છે.જેમાં ૩૪૮ કેસો નું સમાધાન કરાવવામાં આવ્યું છે. બાકી નાં ૧૫૦ કેસોનું અન્ય સંસ્થામાં તબદિલ કરવામાં આવ્યા છે. સેન્ટરના કર્મચારીની આવી ઉમદા કામગીરી બદલ તેમજ તેમના સતત પ્રયત્નોના કારણે ૭૦ કેસોમાં સફળતા મેળવી સાફલ્ય ગાથા નાર્માણ પામી ?છે. સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી તેમજ તેમાં અપાતી સેવાઓ તેમજ હિંસાગ્રસ્ત મહિલાઓને મદદ મળી રહે તે હેતુસર છેવાડાના ગામડાઓ સુધી સેન્ટરના કર્મચારીઓ દ્વારા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે. અને આવા જાગૃતિ કાર્યક્રમમાં અત્યાર સુધી ૪૨૮ જાગૃતિ કાર્યક્રમ થયેલ છે. અને તેનો લાભ ૬૩,૮૭૦ લાભાર્થીઓએ લીધેલ છે. આવા પ્રચાર પ્રસાર કાર્યક્રમ દ્વારા સેન્ટર પર હિંસાગ્રસ્ત મહિલાઓ મદદ મેળવવા તેમજ આશ્રય હેતુસર આવે છે. આવી મહિલાઓને તેમની સમસ્યાઓ અને તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી પરિવાર સાથે સુખમય જીવન જીવી શકે તે માટેના હકારાત્મક પ્રયત્ન કરવામાં આવે છે. આવી મહિલાઓ સાથે ટેલીફોનીક માધ્યમથી ફોલોઅપ લેવામાં આવે છે, ત્યારે તેઓ સેન્ટર અને સેન્ટરના કર્મચારીઓનું હૃદય સ્પર્શી આભાર વ્યક્ત કરે છે.

# કોલકાતા આર.જી કર મેડિકલ કોલેજ દુષ્કર્મ-હત્યા કેસ, આરોપી સંજય રોયને આજીવન કેદની સજા

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેઈની મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં આરોપી સંજય રોયને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. એટલે કે મૃત્યું ન પામે ત્યાં સુધી કારાવાસની સજા ફટકારવામાં આવી છે. ૧૯ જાન્યુઆરીએ કોર્ટે તેને આ કેસમાં દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે પીડીતાના પરિવાર માટે વળતરનો પણ આદેશ કર્યો છે. પરંતુ પીડીતાના માતા-પિતાએ અગાઉની જેમ વળતર લેવાનો ઈનકાર કર્યો છે.સીબીઆઈના વકીલે આ કેસને રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણાવી આરોપીને ફાંસીની સજાની માગ કરી હતી. જેનો આરોપીના વકીલે ભારે વિરોધ કર્યો હતો. તમામ આખરી દલીલો બાદ જજ અનિર્માન દાસને આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ન હોવાનું લાગતા આરોપીને ફાંસીની સજા ફટકારી નથી. સીબીઆઈએ કોર્ટમાં અનેક મહત્વપૂર્ણ પુરાવા રજૂ કર્યા હતા, આરોપી સંજય રોયને દોષિત ઠેરવવામાં લોકેશન અને સીસીટીવી ફૂટેજે મહત્વપૂર્ણ પુરાવાઓ રજૂ કર્યા હતા. જજે પીડિતાના પરિવારને આ મામલે કોઈ વળતર જોઈતુ ન હોવાનું જણાવ્યું હતું. સજા સંભાળતા પહેલાં જજે સંજયને પૂછ્યું હતું કે, ‘તારા ઉપર દુષ્કર્મ અને હત્યાના તમામ આરોપો સાબિત થઈ ચૂક્યા છે. સંભવિત સજા વિશે શું કહેશો?‘ જેના પર સંજયે કહ્યું હતું કે, ‘મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. હું હંમેશા રૂદ્રાક્ષની માળા પહેરુ છું. જો મેં ગુનો કર્યો હોત તો ક્રાઈમ સીન પર જ મારી માળા તૂટી ગઈ હોત. મને બોલવા જ દીધો નથી. અનેક વખત કાગળો પર દબાણ પૂર્વક હસ્તાક્ષરો કરાવી લેવામાં આવ્યા છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ










**NOG SS NO: 375**
વિષય : સુખનું સરનામું
શીર્ષક : નવું સરનામું
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૫૦

આજે પોતાના નવા ઘરમાં ગૃહપ્રવેશ કરતી વખતે સાક્ષીની ખુશીનો પાર નહોતો . સાક્ષીને માધવ સાથે પરણીને બે વર્ષ થયા હતા. માધવ એક વિદેશી કંપનીમાં ફાઈનાન્સ મેનેજર હતો, સાક્ષી પોતે પણ એક પ્રાઈવેટ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર હતી. સાક્ષીનાં સાસરે સાસુ-સસરા , સર્યુબેન-હેમંતભાઇ અને નણંદ રાઘવી એમ પાંચ જણાનો પરિવાર હતો. આમ તો, સાક્ષીને સાસરે કોઇ દેખીતું દુ:ખ હતું નહીં, પરંતુ એણે લગ્નપહેલાં એની બહેનપણીઓનાં મુખે જે વાતો સાંભળી હતી એ પરથી એને લગ્ન પછી સ્વત્રંત રહેવાની ઈચ્છા હતી.

માધવના માતા-પિતાએ સાક્ષીને લગ્ન પછી ખુબ સારી રીતે આવકારી હતી, રાઘવી પણ સાક્ષીને ભાભી !! ભાભી !! કરતાં થાકતી નહીં, સાક્ષીને એક જ વાત ખટકતી હતી કે માતા-પિતાનો લાડલો માધવ એના માવતરનો અતિશય ખ્યાલ રાખતો જેથી સાક્ષીને પણ ઘણી વાર ઈર્ષા આવતી. ઘણીવાર સર્યુબેન પણ માધવને ટોકતાં કે હવે એણે સાક્ષીનો ખ્યાલ રાખવો જોઈએ. સાક્ષીની મમ્મી દિવ્યાબેને પણ એને સમજાવી હતી કે નવા સંબંધોને પરિપક્વ થતાં વાર લાગે અને જેમ એનો સંસાર ઠરીઠામ થશે એમ બધું બરાબર થઈ જશે. તેમ છતાં સાક્ષીને તો પોતાનો અલગ સંસાર જ માંડવો હતો. માધવના માતા-પિતા અર્વાચીન વિચારો ધરાવતા હોવાથી એમને એ વાતનો વિરોધ ન હતો.

શરૂઆતમાં સાક્ષીને બહુ સારું લાગતું. નોકરીએથી પાછાં આવીને મન થાય ત્યારે રાંધવું કાં તો બહાર ખાવા જવું, મિત્રોને માટે વીકએન્ડમાં પાર્ટી રાખવી કે પાર્ટીમાં જવું. આમ થોડો સમય ચાલ્યું.

થોડાં વર્ષોમાં સાક્ષી અને માધવને ત્યાં પુત્રી આભા અને પુત્ર આદિતનો જન્મ થયો . નોકરીમાં માધવની જવાબદારીઓ વધતા સાક્ષીને એના તરફથી કોઈ મદદ મળતી નહીં. શરૂઆતમાં ઘરકામ અને બેબી સીટિંગ માટે મહિલાઓને રાખી હતી જે ન આવે તો સાક્ષીને નોકરીમાં બહુ ખાડા પડતા અને આખરે એણે નોકરી છોડી દીધી. હવે બે છોકરાઓનું ભરણપોષણ કરવામાં અને ઘર સંભાળવામાં એ થાકી જતી. એના મમ્મી- પપ્પા પણ એના ભાઈની સાથે વિદેશ સ્થાયી થયાં હતા.

સાક્ષી બાજુના કુટુંબમાં જોતી કે સાસુ- સસરા નાના બાળકને સવાર સાંજ નીચે લઈ જતા, એની સાથે બોધપાઠની વાતો કરી એને સારા સંસ્કાર આપતાં અને વહુને આ રીતે મદદરૂપ થતાં. સાક્ષીને એની મમ્મીની શિખામણ યાદ આવી, એણે પોતાની ભૂલ સુધારવાનો નિર્ણય કર્યો. હવે રાઘવીનાં પણ લગ્ન થઈ ગયા હોવાથી સાસુ-સસરા એકલાં જ હતાં. સાક્ષીએ પોતાની ભૂલ સુધારી એમને પોતાના ઘરે જ રહેવા બોલાવી લીધાં. સાક્ષીને સમજાઇ ગયું કે સાચું સુખ સરનામું બદલવામાં નહીં પણ દષ્ટિકોણ બદલવામાં છે.

—જાગૃતિ દોશી, અમેરિકા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: N.O G.S.S.No.381**
વિષયઃ સુખનું સાચું સરનામું
શીર્ષકઃ હૈયાનાં સરનામાં.?.!!
પ્રકારઃ ગધ. શબ્દઃ ૨૯૭

પુરુષાર્થ, મજુરી, ભૂખ થાક, ઊંઘ ને આરામ આ મનુષ્યના સુખનું સાચું સરનામું છે!.

મનુષ્યનાં જીવનમાં દરેક વ્યક્તિનું સુખ નું સાચું સરનામું અલગ અલગ હોય છે.

પદ, પ્રતિષ્ઠા કે ધન દોલતમાં
સુખનું સાચું સરનામું હોતું નથી. જ્યાં પદ છે ત્યાં ચિંતા છે. જ્યાં પ્રતિષ્ઠા છે ત્યાં શિસ્ત અને સમય સાચવવો પડે અને જ્યાં રૂપિયો છે ત્યાં લાલચ છે, એકના ડબલ કરવા માટે ભ્રષ્ટતા ને અનીતિ અપનાવી પડે ભ્રષ્ટતા અને અનીતિ માનવનો અંત છે..! સુખનું સાચું સરનામું નીતિમાં છે.. માનવતા માં છે.. કરુણા માં છે.. ધર્મમાં છે.. ભક્તિમાં છે અને ખરેખર જોવાં જઈએ તો, સુખનું સાચું સરનામું ભિખારી પાસે છે સવારે માંગી ને ખાઈ લેવું સાંજે માંગીને ખાઈ લેવું નિરાંતે ઊંઘી જવું,..બસ.
મા બાપનાં સુખનું સાચું સરનામું સંતાનો તરફથી મળતી હાશ માં છે,સેવા ચાકરી માં ને સંસ્કારમાં છે.
પત્ની નું સુખનું સાચું સરનામું પતિદેવ નાં વિશ્વાસમાં હોય.. છે..! પતિદેવ નું સુખનું સાચું સરનામું પત્નીનાં શયનખંડમાં હોય છે..!!
આસ્તિક નાં સુખ નું સાચું સરનામું ભગવાન ની આસ્થામાં હોય છે. નાસ્તિક નું સુખનું સાચું સરનામું જૂઠ, બેઈમાની અને અસત્ય માં હોય છે.
દારૂડિયા નું સુખનું સાચું સરનામું કલાલ નાં ઘરે હોય છે. વ્યભિચારી ઓ નું સુખનું સાચું સરનામું વેશ્યાલય માં હોય છે..!

સુખનું સાચું સરનામું મેળવવાં માટે આપના મનનો મેલ સાફ કરવો પડે આપની નજર માં ની વિકૃતિની ધૂળ સાફ કરવી પડે. લાલચથી દૂર રહેવું પડે. સંબંધીઓના દુઃખમાં સાથ સહકાર આપવો પડે જીવ માત્ર પર દયા રાખવી પડે

સુખનું સાચું સરનામું આપની આંખોમાં જ છે પગરણ માંડો માનવતાનાં પંથે.. બાકી જે લોકો જેમતેમ કે કાળું ધોળું કરીને જીવન વિતાવે છે તેમનાં સુખનું સાચું સરનામું સ્મશાન છે..! અને હા, ભાઈ,સત્યતા એ છે કે સ્મશાન નું સુખ અનુભવાતું નથી, કોઈ પણ મૃત્યુ દેહે નું સરનામું સ્વર્ગનું છે કે નરકનું છે..? એ આજ સુધી કોઈએ
જાણ્યું છે..???
તમારું શું માનવું છે...??

નરેશ ચંદુલાલ દાતણિયા "નરેશ પ્રેમી "
વટવા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOS SS NO:- 383**
વિષયઃ- સાચા સુખનું સરનામું
શીર્ષકઃ- યથા દ્રષ્ટિ તથા સૃષ્ટિ
પ્રકારઃ- લેખ શબ્દોઃ-૨૯૨

જીવન સુખ-દુઃખની તડકી- છાંયડી,
અનુભૂતિ અંતરમાં મળે,
પણ...
સ્વપ્રેમ વિના કંઈ જ શક્ય નથી.

"સાચું સુખ આપણા અંતરમાં છુપાયેલું હોય છે. આપણું જીવન વધુ સુમેળભર્યું બની શકે છે, જો આપણે પોતાની જાત પર ધ્યાન કેન્દ્રિત કરીએ."

"જીવનમાં દરેક વ્યક્તિનું સ્થાન ખાસ છે, પરંતુ જેઓ ઇગ્નોર કરે છે, તેમણે પોતાનો માર્ગ પસંદ કર્યો છે; તેમને શાંતિથી એ માર્ગ પર જવા દો."

"બીજાને ખુશ રાખવાની કોશિશ કરતા જો આપણે જાતને ભૂલી જઈએ, તો તે યોગ્ય નથી. સ્વપ્રેમ કરવાથી આપણી આસપાસનું વાતાવરણ પ્રેમમય બની જાય છે.

"જેને માટે આપણા દુઃખ પીડાનું કોઈ મહત્વ નથી. એવાં લોકો માટે ચિંતા કરી દુઃખી થવું વ્યર્થ છે. બીજુ એ કે સુખ-દુઃખ કોઈ વસ્તુ નથી. વળી, એ કોઈના પર આશ્રિત નથી. એ અનુભૂતિ તો બસ તો ભીતરમાં અનુભવાય છે."

"જિંદગીની દરેક ક્ષણ અમૂલ્ય છે, એ ક્ષણોનું મહત્વ સમજી તેનો સાચો ઉપયોગ કરવો જરૂરી છે. તમે જેમજેમ પોતાને માન આપશો અને પોતાની કદર કરશો, તેમ તેમ તમારા જીવનમાં સાચા સુખનું મૂળ શોધી શકશો."

"કયારેક સુખની કામના કરતા દુઃખો આવરી લેતા હોઈએ છીએ. પણ સાચું એ છે કે તમારા સ્વપ્નો સાકાર કરવા માટે તમારું સ્વસ્થ માનસિક સ્વરૂપ મહત્વપૂર્ણ છે. આ માટે ધીરજ રાખી શાંતિને પોતાની આંતરિક પ્રાથમિકતા બનાવવી જરૂરી છે."
"સુખ દુઃખ એ સિક્કાની બે બાજુ જેવા છે. દરેક સંજોગોમાં ખુશ રહેવાની કળા શીખવી પડે છે, કારણ કે ખુશી, દુઃખ સુખ કોઈ પણ બહારના તત્વોથી નહીં પણ આપણી આંતરિક મન સાથે સંકળાયેલી અનુભૂતિ છે."
"પોતાનું લક્ષ્ય, પોતાનાં સપના અને પોતાની જાતને મહત્વ આપી જીવન સુંદર બનાવીએ."
ગમતા પર ફોકસ કરી આપણી આસપાસની દુનિયા બદલીએ.
આમ, કરવાથી ધીરે ધીરે આપણી સમક્ષ ખોટું બોલનાર અથવા નબળું કરનારને કે અયોગ્ય ટીકા ટિપ્પણી કરી નીચા પાડનાર લોકો ગાયબ થઈ જશે. જો આપણી દ્રષ્ટિ બદલીશું તો વિશ્વ બદલાઈ છે."

દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 321**
વિષય "સુખનું સરનામું"
શીર્ષક. સમાધાન
શબ્દ. ૨૪૬ પ્રકાર . ગદ્ય

જીવનમાં દરેક સુખ દરેકને નથી મળતા . ક્યાંક ને ક્યાંક કોઈ જગ્યાએ સમાધાન કરવું પડે છે. અને તોજ જીવન આગળ ચાલે છે.જે નથી મળ્યું કે નથી મળી શકે એમ
હોય છતાં પણ ફક્ત એક અશકિત ખાતર તમે એની પાછળ પડ્યા રહો તો એ તમારા જીવન ની સવથી મોટી મૂર્ખામી છે. કારણકે તમે ફક્ત ઝાંઝવાના જળ પાછળ દોડી રહ્યા છો.એટલુજ નહિ પણ એ પામવા માટે તમે જે તમારી જોડે છે એનું મહત્વ ભૂલી જાવ છો અને થાય છે એવું કે ના તો તમે ગમતી વસ્તુ કે વ્યક્તિ મેળવી શકો છો ના તમને આપેલ વ્યક્તિ કે વસ્તુનું કદર કરી શકો છો ને સરવાળે બન્ને ગુમાવવાનો વારો આવે છે. દરેક ને ચાહત હોય છે મનગમતું કરવાની પણ એ મનગમતું જો તમે કોઈ બીજા ની ખુશી છીનવી ને અથવા કોઈ બીજાની ઈચ્છા અને અરમાનો ની બલી ચઢાવીને મેળવો છો તો એ મનગમતું મળી જવા છતાં એમાં તલભાર પણ આનંદ ની અનુભૂતિ નહીં હોય... અત્યારના આધુનિક જીવનમાં લોકો ફકત સોશિયલ મીડિયાની આભાસી દુનિયા જોઈ ને એમનું જીવન બીજા સાથે સરખામણી કરીને દુઃખી રહેતા હોય છે નવાઈ ની વાત તો એ. છે કે પોતે તો પોતાની જિંદગી બગાડે જ છે પણ પોતાના સંતાનો ને પણ આ આભાસી દુનિયા હાથમાં આપી એમનું બચપણ અને જીવન બન્ને દાવ પર લગાડી દે છે

અત્યારના દરેક વ્યક્તિ ને એ સમજવું ખૂબ જરૂરી છે કે આપણું જીવન આપણે આપણા માટે જીવવાનું છે લોકોને દેખાડવા માટે નહિ માટે ખુશી થી જીવો પણ એનો દેખાડો ના કરો.
સુચિતા રાવલ.વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 334**
વિષયઃ- સુખનું સાચું સરનામું
શીર્ષક : ચેતના પ્રવાહ
પ્રકારઃ-પદ્ય. શબ્દોઃ-૭૬

અહમ ઓગાળીને જીવન જીવતો રહેજે માનવ,
અંત સમય એ કામ ના આવે સમજી જજે માનવ..!

લોભ મોહની ગતિ પાછળ ના કદી ભાગજે માનવ,
સાચી જાત ઉપર શ્રદ્ધા ધરીને સદા ચાલજે માનવ..!

ધન તો છે આધિ વ્યાધિ ઉપાધિ જાણજે માનવ,
એનો પીછો કરી ના કરીને આગળ વધજે માનવ...!

મનને નિત્ય શાંતિ મળે એવી વ્યવસ્થા કરજે માનવ,
સતત ભાગતી દોડતી તારી કાયાને સંભાળજે માનવ..!

ભીતરથી ચેતનાનો પ્રવાહ તારો જગાડજે માનવ,
સુખનું સાચું સરનામું સામે મળશે એ જાણજે માનવ..!

ડૉ ફાલ્ગુની રાઠોડ ’ફાગ’ નવસારી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :0092**
વિષય - સુખનું સાચું સરનામું
શિર્ષક - પાંચ સુખ નિવાસ
પ્રકાર - પદ્ય. શબ્દ - ૧૫૦

સુખના સરનામાં મારા,
બદલાતા રહે છે.
જીવન જ્યાં છે અનિશ્ચિત તો,
સરનામું કાયમી ક્યાં રહે છે!

પહેલું સરનામું હતું માવતરનો ખોળો,
પ્રેમથી ભરેલો અને પહોળો.
સમજણ આવી ને થઈ થોડી મોટી,
એકલા બેસવાની વાત જરાયે ના ગોઠી.

બીજું સરનામું ભાઈ - બહેનોનો સથવારો,
તોફાન - મસ્તી અને ખુશીઓનો મારો.
સાથ મળ્યો સતત સુખમાં ને દુઃખમાં,
હૂંફ અને પ્રેમનો જાણે સતત ધોધમારો.

ત્રીજું સરનામું મળ્યું પતિનું સાંનિધ્ય,
જાણે કોઈ ભક્તને મળ્યા આરાધ્ય.
ખુશીઓથી ભર્યો જીવનબાગ મારો,
સાચા અર્થમાં બની રહ્યાં સથવારો.

ચોથું સરનામું સંતાનોના આલિંગનમાં,
લાગે કે ઉડી રહી છું હું સાતમા આસમાનમાં.
પૂરી રિક્તતા ને બન્યાં સાથીદારો,
મારા જ અંશમાં, પામી હું બીજા અવતારો.
પાંચમું સરનામું મારા પૌત્રો - દોહિત્રો,
જાણે મળી ગયા છેલ્લે સાચા મિત્રો.
ખબર મને નથી કે દુઃખ કેવું હોય,
જેના સુખના પાંચ પાક્કા સરનામાં હોય.
અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : OO 73**
વિષય. સુખનું સાચું સરનામુ
શીર્ષક..વર્તમાન માં જીવો
પ્રકાર.. ગદ્ય, શબ્દો..૧૫૫
સુખનું સાચું સરનામું એટલે માણસે જાતે શોધવાનું કે હું ક્યાં સુખી રહીશ કેવી રીતે રહીશ,અઢળક પૈસો હોય તો સુખ હોય એવુ ન પણ હોય ઘણી વખત નાની ઓરડીમાં પણ સુખ હોય છે,આ સુખ એટલે વર્તમાનમાં જે

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

મળ્યું છે તેને માણવું તેનો આનંદ લેવો,
જે ક્ષણે જ્યારે જેટલું મળે તેમા સંતોષ સાથે આનંદથી જીવાય એ સાચું સુખ એ આનંદ તમે તમારા મિત્રો ઘરના સભ્યો ને તમારી અંગત વ્યક્તી સાથે માણી શકો તો એ ઉત્તમ સુખની પળ કહેવાય,સુખનું કોઈ સરનામું ના હોય કે એની કોઈ ચોક્કસ જગ્યા કે દિવસ ના હોય જે જગ્યા એ જ્યા છો ત્યાં જે ક્ષણ જે પળ જીવવા મળે ને એમાં જે આનંદની અનુભૂતિ થાય તે સાચું સુખ ઘણા લોકો સુખને ભવિષ્ય માં શોધે છે રિટાયર્ડ થઈને બધી જવાબદારી માંથી મુક્ત થઈને પાછલી જિંદગીમાં શાંતિથી જીવાય એટલે સુખ મળ્યું કહેવાય ભલા માણસ ભવિષ્યના સુખ માટે આખી જિંદગી જે વર્તમાનની પળો છે તેને જવા ના દેવાય પાછળથી કરીશું પછી થશે ની શું ગેરેન્ટી અત્યારે જીવો આ ક્ષણે જીવો જ્યાં છો ત્યાં મનમૂકીને જીવો એનું નામ જિન્દગી કોઈની પણ અપેક્ષા વગર પોતાની જાતે સુખી થવું એ સાચું સુખ બાકી અપેક્ષાઓ થી જીવન જીવાય ખરું પણ આનંદ સાથે નહીં એક ભાર સાથે જીવાય.તમારે નક્કી કરવાનું છે,તમારે કેવું જીવવું છે,
બાકી સાચું સુખ તમારી અંદર જ છે એ બહાર ક્યાંય નથી કોઈની પાસે પણ નથી. ..
નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**

વિષયઃ સુખનું સાચું સરનામું
★શીર્ષકઃ★સુખનું સાચું સરનામુંઃ સંતોષ★
પ્રકારઃ ગદ્ય લેખ  શબ્દોઃ ૩૩૨

સુખની અવિરત શોધમાં, આપણે ઘણીવાર આપણી જાતને ઈચ્છાઓ, અપેક્ષાઓ અને નિરાશાઓના ચક્રવ્યૂહમાં ફસાયેલા જોઈએ છીએ. આપણે ધન, પ્રતિષ્ઠા અને ભૌતિક સંપત્તિ મેળવવા માટે સતત યત્ન કરીએ છીએ, જે કાયમી સુખની બાંયધરી નથી. તો, આપણે સાચું સુખ ક્યાંથી મેળવી શકીએ?
જવાબ સરળ છેઃ સંતોષ.
સંતોષ એ મનની એક સ્થિતિ છે જ્યાં આપણી પાસે જે છે, આપણે ક્યાં છીએ અને આપણે કોણ છીએ તેનાથી સંતુષ્ટ છીએ. તે કંઈક વધુ માટે સતત ઝંખ્યા વિના, વર્તમાન ક્ષણમાં પ્રશંસા કરવાની અને આનંદ શોધવાની ક્ષમતા છે. સંતોષ એ સામાન્યતા માટે સ્થાયી થવા અથવા આપણા સપનાને છોડી દેવા વિશે નથી; તે આપણી જાતને અને આપણા સંજોગો સાથે શાંતિથી રહેવા વિશે છે.
આજની ઝડપી, ઉપભોક્તાવાદી સંસ્કૃતિમાં સંતોષ એ એક દુર્લભ વસ્તુ છે. ભૌતિક સંપત્તિ દ્વારા સુખની શોધ એ ક્યારેય સમાપ્ત ન થનાર ચક્ર છે. આપણે કંઈક ખરીદીએ છીએ, તત્કાલિક આનંદનો અનુભવ કરીએ છીએ અને પછી ઝડપથી અસંતુષ્ટ થઈ જઈએ છીએ, ફરી મન બીજે દોડે છે. વપરાશ અને અસંતોષનું આ ચક્ર ખાલીપણું, ચિંતા અને હતાશાની લાગણીઓ તરફ દોરી શકે છે.
તેનાથી વિપરીત, સંતોષ સ્વતંત્રતા અને મુક્તિની ભાવના આપે છે. જ્યારે આપણે સંતુષ્ટ હોઈએ છીએ, ત્યારે આપણે આપણી ઈચ્છાઓ અને અપેક્ષાઓના ગુલામ નથી રહેતા. આપણે આપણી આસપાસની દુનિયાની સુંદરતાની કદર કરવા, અર્થપૂર્ણ સંબંધો કેળવવા અને વધુની સતત જરૂરિયાતથી પ્રેરિત થયા વિના આપણા જુસ્સાને આગળ વધારવા માટે સ્વતંત્ર હોઈએ છીએ.
તો, આપણે આપણા જીવનમાં સંતોષ કેવી રીતે કેળવી શકીએ?
તમારી જાતની અન્યો સાથે સરખામણી કરવાનું બંધ કરો. તમારી પોતાની મુસાફરી પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારી અનન્ય શક્તિઓ અને સિદ્ધિઓની ઉજવણી કરો. તમારા જીવનને સરળ બનાવો. સુખ એ મનની સ્થિતિ છે. મનને પરિસ્થિતિને સ્વીકારવાની કેળવણી આપો એને પ્રબુદ્ધ કરો. હૃદયમાં અનુકંપાને વહેતી રાખો.
અંતે, સંતોષ એ સુખનું સાચું સરનામું છે. સંતોષ કેળવીને, આપણે મુક્તિ અને આનંદની લાગણી અનુભવી શકીએ છીએ જે બાહ્ય સંજોગો પર આધારિત નથી. તેથી, એક પગલું પાછળ લો, ઊંડો શ્વાસ લો અને વર્તમાન ક્ષણની સુંદરતાની પ્રશંસા કરો. તમને લાગશે કે ખુશી તમારી અંદરથી આવી રહી છે. જે શાશ્વત આનંદ અને સંતોષની ભાવના તરફ દોરી જાય છે. જે આખરે વ્યક્તિના સાચા સ્વભાવની અનુભૂતિ અને અંતિમ સુખના અનુભવ તરફ દોરી જાય છે.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 354**

વિષયઃ- સુખનું સાચું સરનામું
શીર્ષકઃ- સુખનું સરનામું
પ્રકારઃ- પદ્ય  (શબ્દ સંખ્યા-૬૭)
કોઈ મને
આભાર - નિહારીકા રવિયા  સુખનું સરનામું તો આપો ,
સુખી માણસોનાં બે ચાર નામ તો આપો .
શું છે આ સુખની વ્યાખ્યા?
શાને શોધે લોકો એને આસપાસમાં?

કોઈ રોટલામાં સુખી તો કોઈ પકવાનમાં પણ દુઃખી,
કોઈ ઝૂંપડીમાં સુખી તો કોઈ મહેલમાં પણ દુઃખી .

ના સ્થાન, ના પદ, ના પ્રતિષ્ઠા ,ના માનમાં ,
ના સંપતિ, ના ઉન્નતિ, ના તો ઝર ઝવેરાતમાં .

સંતોષ, સદાચાર ,સન્મતિ અને સદવિચારમાં,
સાચું સુખ રહ્યું છે આપણા મનનાં ભાવમાં.
રેશ્મા પટેલ "રેશમ" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NO?G SS NO- 382**

નામ : રમેશચંદ્ર જે. પટેલ
ઉપનામ : આકાશદીપ
ગામ/શહેર : કેલિફોર્નિઆ- અમેરિકા
વિષય- "સુખનું સાચુ સરનામુ"
રચના : ગદ્ય  શબ્દ-૩૩૦
શીર્ષક : કોઈ મને સુખનું સરનામું આપોપ.

સુખનો અનુભવ એટલે મનની શાતા સહ, આનંદની પળો. માનવજાત સદા પરિવાર પ્રિય છે, એક-બીજાની હૂંફ ગમે છે ને ભેરૂબંધનો સાથ બહુ ગમે છે. આ સૌની સાથે તેનું હૃદય જો પુષ્પનો પમરાટ અનુભવે તો, એ સુખના વાયરાએ પછી ઝુમે ને માણે.

'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવત પ્રમાણે, તંદુરસ્ત તનમાં તંદુરસ્ત મન હોય, ને મન હોય તો માળવે જવાયના રાહે, ગમતાં કામો સુફળી, બની, ધન્યતા પ્રદાન કરાવે ને જે આનંદની ધ્વજા લહેરે, એ આપણા સૌના સુખની મજા ને વ્યાખ્યા છે.

નવયુગની જીવન શૈલી, વ્યસ્તતાથી ભરપૂર ને તણાવપૂર્ણ છે. કુદરતને ખોળે, હળવાશ માણતી પળોના અભાવે, હરખભર્યું મુક્ત હાસ્ય હવે વિલાતું જાય છે. સમયના કાંટે ચાલતી જિંદગીમાં, હળવાશ અનુભવવા માટે, પુસ્તક, ચલચિત્ર, ગીત- સંગીત જેવી પ્રવૃત્તિઓનો આશરો શોધી લેતા થયા છીએ. સરળ ભાષામાં કહીએ તો- મનને ગમે એવી પળો વીતે , એ આપણાં સુખ સરનામાં.

સુખ મેળવવા વૈભવ પણ જોઈએ, પણ એ પાછો અશાંતિના રાહે જ દોડાવે. જ્યારે આ સંસારી સુખ કાચું લાગે, માણસ આત્મ- મંથન કરતો થઈ જાય. રોજિંદી ઘટમાળની મધુર ભ્રમણાઓ વિશે વિચારે કે- સુખનાં કેટલાં બધાં ચોપાનિયાં ફેરવે રાખ્યાં, ડાહી ડાહી નવલકથા થાય એટલાં વંટોળિયાં ઝેલ્યાં, ને પાછા લાગણીઓ શોધતા, ભેરુબંધ ને કહીએ..'' અલ્યા ગાને શ્યામલ મુનશીજીનું ગીત- કોઈ મને સુખનું સરનામું આપો.''

માનવ સ્વભાવ છે ને એને શાશ્વત સુખની ઝંખના રહેવાની જ. ભીતર ને ઢંઢોળી પાછા કુદરતની નિર્દોષ લીલા માણવા, એના ખોળે, મેળે મ્હાલતાં, એ સુખની પળો ટંટોળશે- વસંતે ખીલેલો વગડો, કોયલના ટહુકા,પહેલા વરસાદની ધરતીની સોઢમ, ને પરિવાર તથા ભેરુબંધો સાથે ગમતા ગપાટા ને ઉજાણીપ કેટલાં કેટલાં સરનામાં મળી ગયાં, લૂંટો આનંદ.

ભગવાનના વ્હાલી માનવ જાત, પાછી અધૂરપ અનુભવશે ને અનંતસુખ માટે , પોતાને પૂછશેપ ''અલ્યા! આતમરામ, ધરમ તારો સંભાળ, સુખના અક્ષર દીવડા પેટાવને''.

સુખનાં સરનામાં સૌનાં પોત- પોતાનાં!
રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**

વિષય- ★સુખનું સાચું સરનામુ★
શીર્ષક-''★સુખ એ મનની પરિસ્થિતિ★''
પ્રકાર-ગદ્ય  શબ્દ- ૩૪૮

આપણામાંથી કોઈ વ્યક્તિ એવી હશે જેને સુખની કામના ન હોય? જીવનમાં દરેકને સુખ જોઈતું હોય છે પરંતુ તે સુખના સાચા સરનામાથી અજાણ હોય છે, અને તે કારણે સુખની શોધમાં પ્રયત્નોની લાકડી વિંઝયા કરતા હોય છે. બીજી મહત્વની વાત એ છે કે દરેક વ્યક્તિ માટે સુખની વ્યાખ્યા અલગ અલગ હોય છે. શક્ય છે કે કોઈ એક વ્યક્તિ માટે જે સુખ છે તે બીજી વ્યક્તિ માટે કદાચ માગેલું કે ધારેલું સુખ ન પણ હોય. એવું પણ કહેવાય, કે સુખ એ માણસની મનની પરિસ્થિતિ છે. જે પરિસ્થિતિમાં કે સંજોગોમાં માણસ આનંદમાં રહેતો હોય, પ્રફુલ્લિત રહેતો હોય, એ પરિસ્થિતિ તેને માટે સુખ આપનારી બની જાય છે.

ઘણા માણસો જીવનમાં નબળી પરિસ્થિતિઓ અને સંજોગોનો સ્વીકાર કરી શકતા નથી. તેનો વિરોધ કરે છે અથવા ધ્રુણા અનુભવે છે. પોતાના નસીબ અને ભાગ્યને સતત કોસ્યા કરે છે. મનમાં ગમતી પરિસ્થિતિઓને સુખની વ્યાખ્યા નીચે પૂર્વસ્થાપિત કરી ચૂક્યા હોય છે. વાસ્તવિક રીતે પરિસ્થિતિ અને સંજોગોનું સર્જન વ્યક્તિના હાથમાં હોતું નથી અને માટે જ પ્રથમ જે તે પરિસ્થિતિનો મનથી સ્વીકાર કરવો અગત્યનો બની જાય છે. વળી આવા સમયે પોતાનું વર્તન પોતાના નિયંત્રણમાં રાખવું પડે છે. દુઃખના સંજોગોમાં પણ સુખને શોધી શકાય છે.

સુખની પરિસ્થિતિ તો સાપેક્ષ છે. સુખ જીવનની નિરંતર યાત્રામાં અજાણે જ જોડાઈ જાય છે માત્ર સુખને ઓળખવું અને અનુભવવું પડે છે. ક્યારેક એવું બને કે, સુખ માત્ર કાલ્પનિક જ હોય અને વાસ્તવમાં તેનું અસ્તિત્વ જ ના હોય. આ જ કારણે મનમાં પોતાના સુખની વ્યાખ્યા અલગ જ બનાવી હોવી જોઈએ, જે પોતાના વિચાર અને વર્તનને અનુરૂપ હોય. મન જેને સહજપણે સ્વીકારી લેતું હોય તેવી પરિસ્થિતિઓ જે તે વ્યક્તિ માટે સુખનું નિર્માણ કરે છે.

આજના સમયમાં ભૌતિક ચીજવસ્તુઓ અને વૈભવ એ સુખનો પર્યાય બનતા જાય છે. આ બધું માણસના જીવનમાં ક્ષણિક આનંદ જરૂર લાવે છે પરંતુ તેના જીવનમાં કાયમી સુખનું સર્જન કરવામાં નિષ્ફળ જાય છે. આવા સુખની આંધળી દોડ અટકાવી દઈને સાચા સુખની શોધમાં અગ્રેસર થવું જોઈએ કારણ કે, સુખ એ મુખ્યત્વે મનની પરિસ્થિતિ છે. જો વ્યક્તિ જીવનમાં ઘટતી નાની નાની ઘટનાઓમાંથી સુખને શોધી કાઢશે અને આનંદ મેળવતો થઈ જશે તો તેને એના સાચા સુખનું સરનામું આપોઆપ મળી જશે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**

વિષય :- સુખનું સાચું સરનામું
શીર્ષક :- સુખનું સાચું સરનામું
પ્રકાર :- પદ્ય શબ્દ : ૧૨૧
સ્વપરિવાર સ્નેહ સમર્પણ છે સુખનું સાચું સરનામું,
પામીએ મિત્રો, સ્વજનો, પ્રિયજનો છે સુખનું સાચું સરનામું.

પ્રામાણિક કર્મનિષ્ઠાની રોજીરોટી છે સુખનું સાચું સરનામું,
જીવન પ્રવૃત્તિ, સામાજિક સેવાનો આત્મસંતોષ છે સુખનું સાચું સરનામું.

સત્ય, કરૂણા, પ્રેમનો પંથ છે સુખનું સાચું સરનામું,
મળ્યું માનવજીવન કરીએ દયા, દાન, સેવા છે સુખનું સાચું સરનામું.

પામીએ સદા સાહિત્ય આનંદ છે સુખનું સાચું સરનામું,
સત્યમ્ શિવમ્ સુન્દરમ્ દર્શન છે સુખનું સાચું સરનામું.

ભારત પુણ્ય ભૂમિ સનાતનનો રંગ છે સુખનું સાચું સરનામું,
'સ્વ'ને જાણી સર્વસ્વને પામવું છે સુખનું સાચું સરનામું.

સંસારીનું સુખ કાચું, શાશ્વત અદ્વૈત છે સુખનું સાચું સરનામું, મીરાંબાઈ તો કહે છે અખંડ વર શ્યામ છે સુખનું સાચું સરનામું.
નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 372**

વિષય : સુખનું સાચું સરનામું
શીર્ષક : સુખની અભિલાષા.
પ્રકાર : ગદ્ય  શબ્દો : ૧૯૫
જરા થોડું વિચારો કે તરત એમાં ઉણપ નીકળે,
મરીઝ,
અહીં સંતોષ કોને હોય છે પોતાની હાલતમાં?
મરીઝ

માનવ હરહંમેશ સુખની અભિલાષામાં રાચે છે. આનંદ પ્રમોદના સાધનો અને ભૌતિક સુવિધાઓમાંથી સુખ શોધવા પ્રયાસો કરે છે. સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક કે રાજકીય ક્ષેત્રોમાં નેતૃત્વ લઈ એમાં આગળ વધતા જઈ સુખ શોધવા ફાંફાં મારે છે. આ બધામાંથી સુખ સાંપડે છે તો પણ એ અલ્પાયુ હોય છે. આભાસી હોય છે, મૃગજળ જેવું. આવા સુખનો અંત ક્યારેક અત્યંત ચોટ આપનારો કે વ્યક્તિને સાવજ તોડી નાખનારો હોઈ શકે છે.

સુખની ભૂખમાં માનવી જ્યારે જાણે છે કે ભૌતિક સગવડોમાં સ્થાયી સુખ આપવાની તાકાત નથી ત્યારે તે વૈરાગ્ય તરફ ઢળી પડે છે. આત્માના કલ્યાણનો માર્ગ પકડી તમામ ભૌતિક સુખ સાહ્યબી છોડી દઈ ધાર્મિક ગુરુના માર્ગદર્શન હેઠળ આત્મજ્ઞાનની સફરે નીકળી પડે છે. આ પણ સુખ શોધવાનો એક પ્રયાસ માત્ર હોઈ શકે.

જ્ઞાનીઓ અને ફિલોસોફર્સનું માનીએ તો સંતોષમાં જ સુખ સમાયેલું છે. વધુ સુખ
આભાર - નિહારીકા રવિયા  મેળવવાના રઘવાટમાં માનવી હંમેશા ચિંતિત રહેતો હોઈ સરવાળે દુઃખ પામે છે. કર્મ અને ભાગ્ય અનુસાર યોગ્ય સમયે સુખ એનું સરનામું શોધી જ લે છે. ક્યારેક પહેલાં તો ક્યારેક પછી પણ દરેકના હિસ્સે સુખ આવતું જ હોય છે. મનની શાંતિ અને સંતોષ સાથે કર્તવ્યનિષ્ઠ રહેવાથી સુખનું સાચું સરનામું અવશ્ય મળી જાય છે.

સંજય બી. મહેતા. 'પરિમલ'અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No .338***

★શીર્ષક - ક્યાં વસે છે સુખ★?
ન વિત્તમાં, વસે શાંત ચિત્તમાં.
સુખ પરમાર્થમાં, ન સ્વાર્થમાં.

સુખ પ્રવૃત્તિમાં, નથી નિવૃત્તિમાં .
ન શોધો સુખ એશો -આરામમાં
મળે છે એ સતત કામ -કાજમાં

જે સુખ મળે ભક્તિ-સત્સંગ માં,
નથી એ સંસારીઓના સંગમાં.

છોડી દો ખોટો મોહ સંપત્તિનો ;  એ માર્ગ છે ખરે વિપત્તિનો.

સુખનો માર્ગ છે ત્યાગ,  ન ભોગ ન રંગરાગ .

માણવું હોય જો સાચું સુખ,
તો સહેવું પડે અસહ્ય દુઃખ.

★નિહારિકા અંજારિયા નેહા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**

વિષય-'સુખનું સાચું સરનામું'
શીર્ષક-"ન પુણ્યમ્,નપાપં,ન સુખં, ન દુઃખમ્!".  શબ્દ-૨૬૯
બેબાકળી મા! ક્યારેક એવીતો ગાંડી/ઘેલી થઈ જાય, છોકરું નજર સામે જ હોય અને ગામમાં ગોતવા નીકળે!
પોતાની વસ્તુ શું છે? કેવી છે? એ બધી જ આપણની ગમતી જ છે.
કવિએ સરસ ગાયું છે
..... "અમે શોધ્યું ગંગાજીને આરે
જમનાજીને તીરે
કે ગીત અમે શોધ્યું શોધ્યું ને ક્યાય ના જડ્યું !
કવિને આમાંથી જ સુખ મળતું હશે? એ તો કવિને જ પૂછવું પડે!
કસ્તુરી મૃગ પોતાની અંદર જ રહેલી સુગંધને શોધવા જંગલજંગલ ભટકે છે,એ હકીકત છે! પોતાની વસ્તુને, પોતાનાં સુખને પામવા મૃત્યુ વખતે ઈચ્છાઓ અધૂરી રહી જાય,એટલે
આપણે જનમોથી ચોર્યાસી લાખના ફેરામાં,ભૌતિકતાનાં ચક્કરમાં ફસાઈએ છીએ.
ઉસકી સાડી,મેરી સાડીસે સફેદ કૈસે? બાજુવાળાને ત્યાં મર્સિડીસ તો મારે બેન્ટલી ખરીદવી જોઈએ!
દુન્યવી જાકઝમાળમાં આપણે અટવાયેલા છીએ. શેખચલ્લીના ઘડાની જેમ કૃત્રિમ સપનાંઓમાં રાચીએ છીએ!આપણે સ્વાર્થ,દેખાડા પાછળ દોડ કઢીએ છીએ. બકરીની બેં બેં ની જેમ મારું મારું માંથી બહાર નથી આવતા! મને દિકરો ! (વારસ) મારી મિલ્કત જુવાની! પરણાવો, એમાં જ જિંદગી પૂરી.એ સાથે પારકી થાળીમાં લાડુ મોટો લાગે. પોતાની પત્નિ કરતાં હેમામાલિની વધારે ગમે! પણ ભૂલાઈ જાય કે કાલ સવારે હેમા માલિની મરી જાશે, તો કહેશું "આ મડદું ગંધાય" એથી પહેલાં કાઢી જાવ!
જિંદગી તો કાદવ કળણથી,દૂર્ગંધથી ખદબદે છે!
સાચું સુખ જોવું હોય, અનુભવવું હોય તો
માને ધાવતાં બાળકની આંખોમાં.
દર્દથી પીડાતા બુઢાપાની, પ્રેમથી સેવામાં
કોઈના પગની અંદર ઘૂસી ગયેલી ફાંસ કાઢજો સાંચું સુખ શું? બેઉને ફંસ કાઢનારને, અને ફાંસ વાગીહોય તેને સમજાશે!
એટલે સાચાં સુખનું સરનામું તો માત્ર પ્રેમ આપો ખુશી સુખ મળશે જ.
આ જન્મ પણ ખુશી/સુખ મેળવવા લીધો છે. પણ એ બીજાને આપશું તો જ મળશે .
મુક્તિદા કુમાર 'રુપલી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. : 0141***

★વિષયઃ "સુખનું સાચુ સરનામુ"★
★શીર્ષકઃ "દડમજલ!"★
★પ્રકારઃ અછાંદસ સોનેટ★  ★શબ્દો : ૧૨૮★

રાહ જોતો, રહ્યો જીવનભર, માર્યા ધમપછાડા કેવા?
ને દોડાદોડી અહીંતહીંની થશે દિવસની સફળ ક્યારે?

ઝાકળ જેમ સવાર સવારે, ભીનાશ તેજ ફરી વળતી;
કંઠે શબ્દ રૂંધાઈ રહે, આવેગ રહેતે ઉપાલંભ આપતો!

શાંત રાત્રી કોઈ હજી એકે સ્વપ્રિલ સરેલી યાદ નથી;
પડખેપડખું ઘસતાં રહી, કાયાય તડપતી સવાર સુધી!

લાલ લગામ લૈ, ગમતા ગુલાલે, પલાણ પાથરી રહીને;
કલ્પનાના ઘોડા હવે હણહણી આવ્યા એજ થાકવા!

ઠેકઠેકાણે રહી ઘડીભર, ઊભો શોધું ક્યાંક દેખાય તો?
આસ્થા રેરે, ડગીમગતી, અણસાર જરા થાય નહિનો!

અદ્રશ્ય થઈને આપે ઓવારણાં હાથવગું લાગે હમણાં;
આ રહ્યું, હવે બસ થોડો સમય, તપતાં કે બહુ લમણાં!

જનમ્યા ત્યાંથી દડમજલ, તે સુખના સ્થાનની શોધમાં;
મૃગજળ થતું, હાથતાળી દેતું; તે સુખનું સાચુ સરનામુ!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog Sso No 229**

વિષયઃ સાચા સુખનું સરનામું
શિર્ષક - શ્રીજી સત્સંગે સાચું સુખ
પ્રકાર : ગદ્ય. શબ્દો - ૩૦૦
જે તે વ્યક્તિને પોતાના ગમતા સંજોગ-પ્રવૃત્તિમાં આનંદ આવે એટલે તેના તન- મનમાં સુખ છવાતાં હતા જે તેને મહાતૃપ્તિ થઈ જાય છે. પોતાની ગમતી પ્રવૃત્તિ અન્યને નડ્યા વગર કરવી અને તેમાં સંતોષ મળી જાય એટલે તેને સ્વર્ગનું સાચું સુખ પ્રાપ્ત થઈ જાય છે. સાચા સુખની વ્યાખ્યા દરેક વ્યક્તિના સમય સંજોગો અને આસપાસના વાતાવરણ ઉપર સાપેક્ષ રીતે મહત્તમ આધાર રાખતી હોય છે.

ક્યારેક કોઈ વ્યક્તિ ઉત્તમ ખાણીપીણીથી ખુશ રહે છે તો ક્યારેક નાચ-ગાનથી,ક્યારેક કલા સાહિત્યથી તો ક્યારેક પ્રભુના ભજન કીર્તનથી અને સત્સંગથી સુખી બને છે. તેથી સામાન્ય રીતે સુખ જેમાં મળે તે સ્વર્ગ અને અન્ય સર્વે નરક એમ પહેલી નજરે કહી શકાય.

સુખની પ્રવૃત્તિમાં જે તે વ્યક્તિને આનંદની ચરમસીમાની અનુભૂતિ થતી હોવાથી તેમાં તેના સંતોષની તૃપ્તિ મળી જાય છે.જેમકે મધમાખી દરેક ફૂલોમાંથી રસ ચૂસવા માટે આખો દિવસ પ્રવૃત્ત રહીને ચૂસેલા મધને મધપૂડામાં સંગ્રહ કરે છે તો તે તેના માટે સુખ સંતોષની પ્રવૃત્તિ ગણાય.

જેમ કોઈ કવિને કવિતા રચના અને લેખકને લેખ લખતા અદ્ભુત આનંદ મળી જાય તો કોઈનાના બાળકને રમતગમતમાં મજા આવે છે.જ્યારે ભક્તને તો પ્રભુ ભજનમાં સુખ મળે તે પ્રવૃત્તિ તેમના માટે આનંદની સુખમય પ્રવૃત્તિ ગણાય છે. આમ સુખ શોધવા જતા ગણાય લોકોનું આખું જીવન વીતી જાય તો પણ કોઈને અસંતોષ નકારાત્મક વિચારસરણી અને વિનાશક કાર્યો તરફ વળવું હોય તો સુખની કલ્પના પણ વ્યર્થ ગણાય છે.

અલબત્ત, કસ્તુરી મૃગની ડુંટીમાં કસ્તુરી ભગવાને ભરેલી હોય તેની સુગંધ પામવા તે વનમાં આજીવન નિરંતર ભટક્યા કરે છે.જોકે સત્કર્મો, પ્રભુભજન અને પરોપકારનું મહત્વ પણ કસ્તુરી મૃગની સુગંધથી કમ નથી. પરંતુ આ ત્રણેયમાં સુખ સંતોષ રહેનારને સુખનું સાચું સરનામું મળી જાય છે.

સમય સદાય ગતિશીલ, પાણીના રેલાની જેમ સરતો અને ચંચળ હોવાથી તેનો દુરુપયોગ ન કરવો જોઈએ. ભૌતિક સુખની પાછળ પાગલ ન બનતાં દરેકે આધ્યાત્મિક રીતે શ્રીજી સત્સંગ પ્રભુ ભજન અને પરોપકારી જીવન જીવવું જોઈએ જેમાં આપણા સૌનું જીવન છે.

લેખક - "પ્રપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**

વિષય - સાચા સુખનું સરનામું.
શીર્ષક - સાચા સુખની અભિલાષા.
પ્રકાર - પદ્ય, શબ્દો - ૧૦૫.
......................................
સુખની છલાંગ પર મીટ માંડી છે, વિતેલી પળોમાં આનંદની હેલી છે,
આશાની અભિલાષા સંતોષની સાત્વંનતા કરવી મારે,
મળ્યું છે એને સવાયું કરીને કાલેને સોગાત કરવી છે...!
મારગડે મારગ નડે, હું શું કહું યાદોના સ્મારક પડ્યાં,
પણ મને તો બધી નાની વાતોમાં ખુશી શોધું ,
નવાં નવાં રંગો ભરું જીવનમાં શીખવું બધું ,
સુખ દુઃખનાં સમરસ રહેવું ગમે મને..!
જીવન આકાશમાં આવવાની અભિલાષા,
ઊંચે દલડેથી ઉડવાની મહેચ્છા ઘણી,
જીવનમાં નવાં રંગો ભરતી સદાય,
ઈચ્છા, વાસના ,આકાંક્ષા , ઉત્કંઠા ,તલસાટ, અભિલાષા સર્વ મહીં જ છે ...!
તિમિરથી તેજ તરફ ગતિ કરવું ગમે મને,
કોઈના માટે સૂરજ થવાથી અનેકો શમણાં પુરું,
એ માટીનાં કોડિયા અનેકોની તેલની વાત બનું ,
ને સાચું સુખનું સરનામું શોધો હું ..?

એવો મારગડો બનું પ્રભુ કોઈનો..?
એવી પ્રભુ પાસે આશિષ દેજે..!

રાગિની શુક્લ "રાગ"
આભાર - નિહારીકા રવિયા  મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 373**

વિષય : સુખનું સાચું સરનામું
શીર્ષક : મારા માટે સુખ
પ્રકાર : ગદ્ય  શબ્દ : ૧૬૯

સુખનું આમ તો સાચું સરનામું ક્યાંય નથી.તમે દુઃખમાં પણ હસવાનું જાણતાં હોય તો તમારાથી વધુ આ દુનિયામાં કોઈ જ સુખી નથી.દુઃખને હસતા હસતા કેમ પાર કરવું તે શ્રી કૃષ્ણના જીવન પરથી શીખવા જેવું છે.તેમના ઉપર તો જન્મતાંની સાથે જ અનેક દુઃખો આવી પડ્યા હતા અને આવા દુઃખો અંત સુધી તેમના જીવનમાં વારાફરતી આવ્યા જ કરતા હતા.છતાં અનેક દુઃખોનો તેઓએ ખૂબ ધીરજથી સામનો કર્યો હતો.ગમે તેવી કપરી પરિસ્થિતિ આવી હતી પરંતુ પ્રભુના ચહેરા ઉપર દુઃખની કોઈ રેખા દેખાતી નહોંતી તેઓ દુઃખમાં પણ એક મધુરું હાસ્ય બાણ છોડીને દુશ્મનને ભયભીત કરી દેતા માટે સાચું સુખ અને સાચો આનંદ આપણી અંદર જ છે.

જીવનમાં માનવીને સુખ અને દુઃખ બંને સહન કરવું પડે છે પણ સુખ અને દુઃખને જે માણસ હસતા હસતા ભોગવી લે તે ક્યારેય પાછળ નથી રહેતો.મારા માટે સુખનું સાચું સરનામું ભગવત ચિંતન કરવું તે છે.હંમેશા ભગવાનમાં જ મનને સમર્પિત કરી તો અંદરથી આનંદ થાય છે અને અંદરના આનંદને શબ્દમાં વર્ણવવો ખૂબ જ મુશ્કેલ છે.ભગવાન આપણી અંદર જ છે અને આપણી અંદર બેઠેલો ભગવાન જ આપણને સુખની સાચી અનુભૂતિ કરાવે છે.

રૂપલ દવે "રૂપ"

# ’આજાદ’ના નિર્દેશક અભિષેક કપુરે અમન દેવગન અને રાશા થડાનીએ પ્રતિભાવ વ્યક્ત કર્યો



પ્રશંસિત ફિલ્મના નિર્માતા અભિષેક કપુરની હાલિયા ફિલ્મ ’આજાદ’ ફિલ્મ ઘરોમાં ઉતરી છે અને દર્શકોની સકારાત્મક પ્રતિક્રિયા પ્રાપ્ત થાય છે. કરી રહી છે. ફિલ્મ નિર્માતા ને નવા ચેહરો અમન દેવગન અને રાશા થડાની ફિલ્મમાં લોન્ચ કરીને ૨૦૨૫ની શાનદાર શરૂઆત કરી. ફિલ્મના લખાણોથી પહેલા જ રાશા થડાની ને ’ઉઈ અમ્મા’ ગીતોથી સ્ટારડમ કમાણી કરી અને હવે ફિલ્મમાં તેમની અભિનયની ચર્ચા થઈ રહી છે. તેના દર્શકોને આ પહેલી ફિલ્મ છે, કારણ કે તેના અભિનયથી એવું લાગે છે કે તે ખૂબ જ સમયથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. ’આજાદ’ના શબ્દો પછી, નિર્દેશક અભિષેક કપુરે તમારા સોશિયલ મીડિયા પર ફિલ્મ, નવોદિત કલાકારો, કલાકારો અને ક્રૂર અને તેમની પત્ની પ્રજ્ઞા કપુર માટે એક વિનમ્ર નોંધ લખી છે.

અભિષેક કપુરની નોટનો એક હિસ્સો આ પ્રકારનો છે, "સપન હિટ અથવા ફ્લૉપ નથી, સ્પષ્ટ હતા. રાશા અને અમન તેમની આગળની સફર માટે તેમની આશા છે કે તેઓ આગળ કામ કરે છે અને તેમની દુનિયા માટે ખૂલી છે. હું દરેક કલાકાર અને ક્રૂર સભ્યનો આભાર માનવું છું કે આ ભવ્ય વિજન કોર્પોરેટર દરેક વર્ણન પર અથક પરિશ્રમ કર્યો છે.

તેમણે આગળ કહ્યું, "અને મારું ચંદન, મારી પત્ની, પ્રજ્ઞા. આ સંપૂર્ણ યાત્રામાં તમે મારા નિર્દેશક મારી ધીરજ અને પ્રોત્સાહન મને ખૂબ જ મુશ્કેલ દિવસોમાં આગળ વધારવામાં મદદ કરે છે. માં સાથી "તે તેમનું બદૌલત છે કે જે સપને સંપૂર્ણ છે અને કરીઅરની શરૂઆત થઈ છે. તે વાસ્તવિકતામાં કલાના સૌથી મહાન સંરક્ષક બનેલા હું છું અને ભારતીય મનોરંજન ઉદ્યોગના એક ભાગ છે. અમે ખૂબ-બહુત આભાર માનીએ છીએ વાર્તા કહે છે કે પરંપરાગત બાધાઓ કો તોડને વાળી ફિલ્મમાં ગઢે છે, અભિષેક કપુરને બૉલીવુડમાં નવા ચેહરોને પણ લૉન્ચ કરવામાં આવ્યા છે, જે લોકપ્રિય અભિનેતાના રૂપમાં ઉભરે છે. કહાનીઓ સાથે પ્રયોગ કરવા અને મનોરંજન માટે વિચાર સાથે મળીને અભિષેક કપુરની પ્રતિભા સાથે તેઓ ભારતીય ફિલ્મોમાં સૌથી વધુ માંગનારા અને ગતિશીલ ફિલ્મ બનાવતા હોય છે.

# નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ કચરા માંથી અત્યાધુનિક ટકાઉ ફર્નિચર બનાવ્યું



ઈન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ચર એન્ડ પ્લાનિંગ, નિરમા યુનિવર્સિટીના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ તેમના સેમેસ્ટર પ્રોજેક્ટના ભાગરૂપે નકામા સામગ્રીને નવીન ફર્નિચરમાં પરિવર્તિત કરીને અસાધારણ સર્જનાત્મકતા દર્શાવી છે. પ્રોફેસર વિશ્વનાથ મુડીના માર્ગદર્શન હેઠળ, વિદ્યાર્થીઓએ પ્રકૃતિમાંથી પ્રેરણા લઈને ૩ઇ ખ્યાલ-રીડ્યુઝ, રિયુઝ, રિસાયકલ - અપનાવ્યો.આ પ્રોજેક્ટે વિદ્યાર્થીઓને કાર્યાત્મક અને સૌંદર્યલક્ષી રીતે આકર્ષક ફર્નિચર ડિઝાઇન કરવા માટે પ્રોત્સાહિત કર્યા, કાઢી નાખવામાં આવેલી સામગ્રીને ટકાઉ અને વ્યવહારુ રચનાઓમાં રૂપાંતરિત કરી. આ પહેલ માત્ર ટકાઉપણું માટે વિદ્યાર્થીઓની પ્રતિબદ્ધતા દર્શાવતી નથી પરંતુ પર્યાવરણીય પડકારોને સંબોધવા માટેના તેમના નવીન અભિગમને પણ પ્રતિબિંબિત કરે છે.આ પ્રેરણાદાયી પ્રયાસ ડિઝાઇનની શક્યતાઓની પુનઃકલ્પના કરતી વખતે વૈશ્વિક કચરાના મુદ્દાઓને હલ કરવા માટે ટકાઉ પ્રથાઓની સંભવિતતાને રેખાંકિત કરે છે.

# દહેજ ભૂખ્યા વરને ગુજરાતી સિનેમામાં કયો રોલ અપાય?

‘ગિરધરભાઇ,કંકુ કન્યા એટલે શું ?’રાજુએ મને વોર્મઅપ મેચ કે નેટમાં પ્રેકટિસ જેવો સવાલ કર્યો.

‘રાજુ,કોઇ ગરીબ પરિવારની કન્યા સાથે અખંડ વાંઢપ તોડવાનો કારસો રચ્યો છે કે શું? ટીજીબીમાં પાર્ટી આપવી પડશે.’મેં રાજુની નબળી નસ પર જોરથી અંગુઠો મુકયો.

‘‘ગિરધરભાઇ, મારી મશ્લાંકરી કરી લો. તમારો વારો છે. તમે પણ મારા જેવું વેઠ્યું હશે !’ રાજુએ સવાલ ઉડાડવાની કોશિશ કરી.

‘ રાજુ,કંકુ-કન?યા એ સમાજમાં પ્રચલિત હિપોક્રેસી છે. તમે કોઇની કન્યાને દહેજ વગર પહેરેલ કપડે ,કંકુના પડાની કિંમતનું મૂલ્ય પણ ન લો અને છોકરી સાથે પરણો એ કંકુ કન્યા કહેવાય. આવી વ્યકિત કે પરિવાર વિરલ હોય છે.જો મળી આવે તેને દુર્લભ જાતિ ગણી તેના માટે અભયારણ્ય જાહેર કરવું પડે.’ મેં રાજુને કહ્યું .

‘ગિરધરભાઇ, ઘરમાં ચિકકાર પૈસો હોય, લેટેસ્ટ મોડેલની કાર હોય, આધુનિક ગેઝેટસ હોય તો પણ લોકો દહેજ કેમ માંગતા હશે? દહેજના દૈત્યના ખપ્પરમાં કોડીલી કન્યા અને તેના માવતર હોમાઈ જાય છે. વધારે શિક્ષણ હોય, સમાજમાં પોઝીશન હોય તેવા લોકો તે પ્રમાણે દહેજ માંગે છે. અમુક જાતિ અને રાજ્યમાં સરકારી નોકરી હોય તેવા ચપરાસીથી લઇને સનદી મૂરતિયા માટેના રેટ કાર્ડ છે. સામાન્ય રીતે દીકરીના લગ્ન સમયે માતાપિતા તેમની ત્રેવડ મુજબ દહેજ આપે છે. દહેજ આપવા આર્થિક સગવડ ન હોય તો દેવું કરીને પણ દહેજ આપે છે. પછી જીંદગીભર શરાફને મૂડી અને વ્યાજ ચુકવે છે. એક થી વધુ દીકરીના માબાપ માટે દીકરીના લગ્ન માટે કયાંથી વેંત કરવો તેની મુઝવણ રહે છે. દીકરીને લગ્ન સમયે દહેજ આપ્યા પછી પણ પ્રસંગોપાત્ત દહેજ આપવું પડે છે. ઠાઠિયા સ્કૂટરમાં ફરનારો પાછો મર્સિડિઝ બેન્ઝ માંગે છે. કેબલ કનેકશનનો દર મહિનાનો ચાર્જ ભરવાના ફાંફા હોય અને પાછો પંચાવન ઈંચનું એનરોઇડ ટીવી માંગે .તારા બાવડામાં બળ કે કૌવત પ્રમાણે તારી કમાણીમાંથી વસ્તુ વસાવને.દીકરીના માબાપને કામધેનુ સમજી કયાં લગી દોહ્યા કરીશ? બિચારાના મોઢે ફીણ આવી ગયા છે તેનો તો વિચાર કર?’રાજુ રદીએ ડહાપણની વાત કરી.

‘‘રાજુ, કેટલીક વીરાંગના લગ્નના માયરા કે ચોરીમાં દહેજ ભૂખ્યા મૂરતિયા-પરિવારને દહેજ પેટે કાણી પાઇ ન ચુકવવાનો યશસ્વી અને ઓજસ્વી નિર્ણય લઇ મુરતિયાનો ફજેતો કરીને કાળો તોરણે જાન પરત મોકલે છે.’મે રાજુને અપવાદરૂપ ઘટના જણાવી.

‘ગિરધરભાઇ,વહુના પિયરિયા પાસે લગ્ન પછી મકાન, દુકાન, વાહન , દાગીના ખરીદવા દહેજની માંગણી કરવામાં આવે. વિદેશ ભણવા પૈસા માંગે અને અભ્યાસ પૂરો થાય પછી ત્યાંની છોકરી સાથે લગ્ન કરી દહેજ આપનારને રખડાવી દે છે. કેટલીય નારીઓ દહેજ માટેના અસહ્ય અને અમાનુષી ત્રાસ સહન કરતા મોતને મીઠું કરે છે.’ રાજુએ નગ્ન સત્ય રજૂ કર્યું.

રાજુ,દહેજની તાજેતરની ફરિયાદોમાં એક ફરિયાદ મુજબ દહેજમાં ૩ લાખ રૂપિયા લીધા બાદ પણ શારિરીક-માનસિક ત્રાસ ગુજારનાર શોર્ટ ફિલ્મ ડાયરેક્ટર પતિ અને મહારાષ્ટ્ર પુણેમાં નએનજીઓ ચલાવનાર સાસુ સહિત ૬ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ છે.યુવતીને પતિ, સાસુ-સસરા, માસી સાસુ અને માસા સસરા તમે ભંગાર ઝુંપડપટ્ટી વાળા છો કહી અપમાનીત કરતા હતા.બીજી ફરિયાદ મુજબ વકીલની દત્તક પુત્રીને પોતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે તેવી વાતો કરી પ્રેમજાળમાં ફસાવી લગ્ન કર્યા બાદ રહેવા માટે ભાડાના ફ્લેટથી લઈ કાર અપાવવા અને જીવન નિર્વાહનો ખર્ચ ચુકવવા તથા બ્યુટી સ્પાનો ધંધો શરૂ કરી આપવા છતા પણ દહેજની લાલચ નહીં સંતોષાતા શારિરીક-માનસિક ત્રાસ ગુજારનાર પતિ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે..’મેં કહ્યું.

‘‘ ગિરધરભાઇ,ગાંધીનગરની યુવતીને એક યુવક સાથે સોશિયલ મિડીયા થકી પ્રેમ થયો. પહેલાં અદાલતમાં લગ્ન કર્યા. પછી પરિવારની સંમતિ બાદ પરંપરાગત લગ્ન કર્યા. યુવતીના પરિવારે ગજા મુજબ કરિયાવર( સાદી ભાષામાં દહેજ) આપ્યો. યુવતીના પિતાજી ફિલ્મલાઈનમાં હતા. એટલે પેલાની દાઢ ડળકી.ભિખારી પતિએ પત્નીને ફોર્સ કર્યો કે તારા પિતાજી અને મારા શ્વસુરને કહે કે મને ગુજરાતી ફિલ્મમાં હીરોનો રોલ અપાવે.પછી કાંઇ વાત આગળ ન વધી એ તો ભગવાન જાણે !.’રાજુએ ન્યુઝ પેપર રીર્પોટિંગ કર્યું.

‘રાજુ, આ માણસ તને કેવો લાગે છે?’ મેં સવાલ કર્યો.

‘‘ગિરધરભાઇ, એક નંબરને ડામિસ, છટા હુએ બદમાશ હે. લાલચી, લોભી, ક્રૂર, ઘાતકી, સ્વાર્થી પતિના નામ પર કલંક છે. ગુલશન ગ્રોવર જેવો બેડમેન છે. મોગેમ્બો જેવો જાલિમ છે. ડોકટર ડેન્ગ જેવો ક્રૂર છે. રણજિત જેવો હલકટ છે. સદાશિવ અમરાપુરકર જેવો નિર્વીર્ય છે. અમજદખાન જેવો ધાત્તકી છે. શાનના શાકાલ જેવો શાતિર છે.એબોવ ઓલ ટાઇમ હીટ વિલન અજીત જેવો નિર્દય છે.પૃથ્વી પર ભાર છેપ..,,’

‘ તો તો આવી વ્યકિતને હીરો, સાઇડ હીરો કે ચરિત્ર અભિનેતા નહીં પણ વિલનના રોલ આપી દેવાનો. તેની પત્નીને હીરોઇનનો રોલ આપી પત્નીને વિકૃત વરને ઠમઠોરવાની ભૂમિકા આપવાની.’ મેં કાસ્ટ ડાયરેકટર તરીકે રોલની ફાળવણી કરી.

રાજુ રદીએ તાળીઓના ગડગડાટ સાથે મારી વાત વધાવી લીધી. વાંચકો તમે વરને મારવાના દ્રશ્યને કલેપ આવવા પધારશોને? અમે ડાયરેકટર ચેર પર બેસીને લાયસન્સ ,લાઇટ કેમેરા એકશન કહીશું.

ભરત વૈષ્ણવ

# ગાંધીનગરના ઇન્દ્રોડા પાર્કમાં પ્રાણીઓ માટે ખાસ વ્યવસ્થાઃકડકડતી ઠંડીમાં થર્મલ બલ્બ, કોથળા અને લાકડાના પાટિયાથી પ્રાણીઓને અપાઈ હૂંફ





હવામાન વિભાગે આગામી દિવસોમાં કડકડતી ઠંડીની આગાહી કરતાં ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પાર્કના નાયબ નિયામક વન રક્ષક આર.પી. ગેહલોતના જણાવ્યા મુજબ, પ્રાણીઓને ઠંડીથી બચાવવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે.માંસાહારી પ્રાણીઓ માટે તેમની ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ખોરાકમાં વધારો કરવામાં આવ્યો છે. રાત્રે તેમના પાંજરાના પડદા સીલ કરવામાં આવે છે અને લાકડાના પ્લેટફોર્મથી સજ્જ આશ્રયસ્થાનો બનાવવામાં આવ્યા છે. પાંજરાઓની રચના એવી રીતે કરવામાં આવી છે કે દિવસ દરમિયાન મહત્તમ સૂર્યપ્રકાશ મળી રહે.સરીસૃપ પ્રાણીઓ માટે ઈન્સ્યુલેશન વધારવા અને હૂંફ જાળવવા માટે સૂકા ઘાસની ખાસ પથારી તૈયાર કરવામાં આવી છે. પ્રાણીઓને માત્ર ઠંડીથી બચાવવા જ નહીં, પરંતુ તેમને બીમારી ન થાય તે માટે પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. રાત્રિ દરમિયાન પ્રાણીઓને આરામદાયક વાતાવરણ મળી રહે તે માટે થર્મલ બલ્બની વ્યવસ્થા કરવામાં આવી છે અને પાંજરાઓમાં સૂકું ઘાસ પાથરવામાં આવ્યું છે.

# રાજ્યભરમાં “શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫”નો આજથી પ્રારંભ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને શિક્ષણ વિભાગના સયુંકત ઉપક્રમે આજથી રાજ્યભરમાં ‘‘શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫’’નું આયોજન કરવામાં આવ્યું છે. આજે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ-૧ પરથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક સંદેશ સાથે શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫નો શુભારંભ કરાયો હતો.મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વીડિયો સંદેશના માધ્યમથી પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ કેળવાય તે બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સપ્તાહ દરમિયાન મોકડ્રીલ, નિદર્શન, તાલીમ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન શાળા કક્ષાએ કરવા જણાવ્યું હતું. સાથે જ તેમણે સમગ્ર સપ્તાહની સફળતાપૂર્વક ઉજવણી કરવા તમામ શાળાઓ અને ય્જીઢસ્છને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.આ શુભારંભ પ્રસંગે ય્જીઢસ્છના મુખ્ય કારોબારી અધિકારી શ્રી અનુપમ આનંદ દ્વારા શાળા સલામતી સપ્તાહ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં પાંચ દિવસ એટલે કે, આગામી તા. ૨૫ જાન્યુઆરી સુધી યોજાનાર સપ્તાહ દરમિયાન શાળા સલામતી અંગેની દૈનિક પ્રવૃતિઓની રૂપરેખા સમજાવવામાં આવી હતી.શાળા સાલામતી સપ્તાહ-૨૦૨૫મા રાજ્યની તમામ ૩૩,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવશે. જેમાં લગભગ ૩૦૦૦ જેટલી શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ભૂકંપ, આગ અકસ્માત, પૂર, શોર્ટ સર્કિટ જેવા વિષયો ઉપર દ્નઢઈહ્વ/જીઢઈહ્વ/ફાયર બ્રિગેડનાં સહયોગથી મોકડ્રીલનું આયોજન કરવામાં આવશે. ઈન્ડિયન રેડક્રોસ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના સહયોગથી આરોગ્ય વિષયક તાલીમ અને નિદર્શન કરવામાં આવશે.આ ઉપરાંત બાકીની તમામ શાળાઓમાં શાળા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન વિષયક ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. શાળા કક્ષાએ જનજાગૃતિનાં ભાગરૂપે રેલી, વિડીઓ નિદર્શન, પોસ્ટર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવશે.

# ડાંગ વઘઈ પોલીસની ટીમે માનવતા મહેકાવી

આહવા-ડાંગ

ડાંગ જીલ્લાનાં જુદા-જુદા તાલુકામાં ત્નદ્બફજી-૨૦૨૫ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ.જે સંદર્ભે ડાંગ જીલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તરફથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવા માટે સુચના આપવામાં આવી હતી.જે અનુસંધાને વઘઇ પોલીસ સ્ટેશનનાં પો.સબ.ઈન્સ એમ.એસ.રાજપુત દ્વારા વઘઈ તાલુકા શાળા પર જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ અને પરીક્ષા કેન્દ્ર ઉપર બંદોબસ્ત વાળી જગ્યા પર પોલીસ સ્ટાફ સાથે હાજર હતા.

દરમ્યાન પરીક્ષાર્થી નામે અસ્મીતાબેન ઈશ્વરભાઈ પવાર (રહે, ઢુંઢુનિયા તા.આહવા જી.ડાંગ ) તેની માતા સાથે પરીક્ષા આપવા માટે વઘઇ તાલુકા શાળા ખાતે પહોંચ્યા હતા અને પરીક્ષા કેન્દ્ર પર તપાસ કરતા તેઓનું પરીક્ષા કેન્દ્ર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવાનું જણાઈ આવેલ જેથી પરીક્ષા આપવા માટે આવેલા પરીક્ષાર્થી અસ્મીતાબેન તથા તેમની સાથે આવેલ તેમની માતા એકદમ ગભરાઈ ગયા હતા અને રડવા લાગ્યા હતા.ત્યારે પરીક્ષા કેન્દ્ર પર હાજર વઘઈ પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ એમ.એસ.રાજપુત તથા હાજર સ્ટાફ




તુરત જ પરીક્ષાર્થી તેમજ તેમની માતાની રજુઆત સાંભળી વઘઈ પરીક્ષા કેન્દ્રથી બન્નેને વઘઈ પોલીસ સ્ટેશનની સરકારી વાહન ફર્સ્ટ-મોબાઈલમાં બેસાડી તાત્કાલિક તાલુકા શાળા વઘઈ ખાતેથી આહવા પરીક્ષા કેંદ્ર ખાતે રવાના કરેલ અને સમય મર્યાદામાં આહવા ખાતે અવેલ પરીક્ષા કેંદ્રમાં પરીક્ષાર્થી અસ્મિતાબેન ઈશ્વરભાઈ પવારને પહોચતી કરેલ અને પરીક્ષા આપવા માટે બેસાડવામાં આવેલ હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.